TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧ અંક : ૨ સપ્ટેમ્બર-૨૦૧૨



ડૉ. ડી. પી. ચિખલીયા

## "તમે મૃત્યુ તરફ હસી શકો?"

**વ્હાલા આત્મીયશ્રી,**

જીવનના અંતિમ સમયે ગભરાયેલા સગા-સંબધીઓ જયારે હૃદયના ધબકારા વધેલા હોય છે. મગજ ભયના ઓથાર તળે થીજી ગયા હોય છે. નહિવત આશાઓ વચ્ચે ડોકટરમાં ભગવાન દેખતા હોય છે.

દર્દીના સગાઓની નજર સફેદ ડ્રેસમાં ઉભેલા નર્સ અને ડૉક્ટર ઉપર હોય છે, અને જૂએ છે તેના ચહેરાના હાવભાવ પર કોઇ આશાનું કિરણ દેખાય છે કે બધું સમુસુતરું છે ?

ત્યારે આપણને નથી લાગતું કે ડૉક્ટર જીવન અને મૃત્યુ વચ્ચેની કડી છે. ત્યારે નથી લાગતું કે ડૉક્ટર દર્દીના અમરત્વે માટે લડી રહ્યો છે. જાણવા છતાં કે આ લડાઇમાં તેની હાર થવાની છે ? ડૉક્ટર આવા સંજોગોમાં કઇ રીતે મૃત્યુની સંવેદનારહિત રહી શકે ? ફક્ત 'ગૌતમ બુધ્ધ' જ આ રીતે મૃત્યુ તરફ હસી શકે.

દુનિયાનો કોઇપણ મજબુત હૃદયનો ડૉક્ટર પણ પોતાની 'ઇન્ટર્નશીપ' વખતે પ્રથમ વખત નિહાળેલ 'મૃત્યુ' થી વિચલિત થઇ જતો હોય છે. પરંતુ સમયના વહેણમાં ડૉક્ટરને પણ બધું કોઠે પડી જાય છે, અને ડૉક્ટરને દર્દીને મૃત જાહેર કરતાં કરતાં લાગણીઓ પણ ધીરે ધીરે ઓછી થતી જાય છે. અને સમયની સાથે એક પછી એક દર્દીની તપાસ, સારવાર અને મૃત્યુ એક ઘટનાક્રમ બની જાય છે. આ સમયે ડૉક્ટરને થોડું ખરાબ લાગે છે કે જીવન-મૃત્યુના સંઘર્ષમાં હાર થાય છે. ડૉક્ટર ઘરે જાય છે અને બાકીનો સમય કુટુંબ સાથે ગાળે છે.

મૃત્યુ એક ભયંકર છતાં વાસ્તવિક 'પ્રોફેસનલ હજાર્ડ' છે. શું ખરેખર એવું નથી. ?

દરેક દર્દી એવું ઇચ્છે છે કે ડૉક્ટર તેના માટે વિનમ્ર અને શાંત રીતે આવા સમયમાં રહે. દરેક વખતે ડૉક્ટર તેના દુઃખમાં ભાગ લે અને પોતાના સગાઓની લાગણીઓ સાથે જોડાય, એવું તેઓ ઇચ્છે છે. પણ આ શક્ય નથી. કારણ કે ડૉક્ટર માટે આવું ૩૬૫ દિવસનો રોજ-બ-રોજનો ઘટનાક્રમ બની જતો હોય છે.

રશિયાના સરમુખત્યાર સ્ટાલીને કહેલું કે, એક મૃત્યુ દુઃખદ ઘટના છે, પરંતુ લાખ મૃત્યુ એક 'સ્ટેટેસ્ટીક' છે. અને તેણે અનેક રશિયન પૈસાપાત્ર જમીનદારોને મૃત્યુને શરણે ધરી દીધા.

શું ડૉક્ટર પોતાના દર્દીઓને આ રીતે જુએ છે? ના, તેમની પાસે ૠજૂ હૃદયનો એક નાજુક ખુણો પડેલો હોય છે. જયારે અત્યારે આખો સમાજ ભૌતિકવાદની અસર તળે આળોટતો જોવા મળે છે ત્યારે ઘણા ઉમદા તબીબો પણ છે. જે પોતાના દર્દીઓ પ્રત્યે, તેનાં સગા-સંબંધીઓ પ્રત્યે સંવેદનાનો અતૂટ સેતૂ ધરાવે છે. તેઓ પોતાના દર્દીઓને ગમે ત્યાં ગમે તે પ્રકારના ન જરૂર હોય તેવા લેબોરેટરી કે એકસ-રે ટેસ્ટ કરાવતા નથી, કે નથી તેમાંથી કમીશન કમાતા.

તેઓ પોતાના દર્દીઓને પોતાના લાગણીસભર શબ્દો, જરૂરી દવાઓ અને માનનીય અભિગમ વ્યાજબી ચાર્જ લઇ દર્દીઓને સાજા કરવામાં લાગેલા હોય છે. આપણું શરીર કે જે એક બટકણું માટીનું છે. તેને વધારે કેમીકલ અસરવાળી દવાઓથી બચાવવાનો પ્રયત્ન કરે છે. પ્રાચીન સમયમાં એક માન્યતા હતી કે મૃત્યુ પછી ઇશ્વર બે પ્રશ્ન કરે છે કે.....

- તમે કોઇના જીવનમાં આનંદ લાવી શક્યા ?
- તમે પોતે આનંદ મેળવી શક્યા ?

ઇશ્વરે આ બન્ને સવાલના જવાબ માટે ડૉક્ટરને સુંદર રીતે બક્ષેલો છે. બીજાના દુઃખ દુર કરી, બીજાને આનંદ આપી અને બીજાને આનંદિત જોઇ પોતે પણ આનંદને પ્રાપ્ત કરે છે.

તેમ ૨૧મી સદીના ભૌતિકવાદી અધ્યાત્મ વિષે સાંભળ્યું છે ? એક અધ્યાત્મ યુનિવર્સિટી છે જેની ૫૦૦ શાખાઓ ૮૫ દેશોમાં પથરાયેલી છે. જેમાં દુનિયાના ૪ લાખ વિદ્યાર્થીઓ અધ્યાત્મના પાઠ શીખી રહ્યાં છે. એક ફાઇવ સ્ટાર શિક્ષણ આપે છે.

મિત્રો, સમૃધ્ધિ એ કોઇ પાપ નથી. 'વેટીકન સીટી' દુનિયાની સૌથી સમૃધ્ધ ધર્મસંસ્થા નથી ?

આની સામે દુનિયાનું એક સૌથી વૈભવશાળી 'બેન્ડ' પોતાના બધાજ મોજશોખ ત્યજીને દુનિયાની એક શ્રેષ્ઠ હોસ્પિટલ સ્થાપી દરેકની સેવા કરી રહ્યા છે.

ઘણાં ' હોલીસ્ટીક' લોકો તેના દર્દીઓને પોતાના ઘરમાંજ આર્યુવૈદીક-નેચરોપેથી વગેરે ઉપાયો કરી, કપાળ પર 'બામ' લગાડી સેવા કરી રહ્યાં છે.

અરે યોગીઓ પણ આ પ્રકારે અનેકની સેવાઓ કરી રહ્યાં છે.

આ સૌને ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ પરીવાર સલામ કરે છે.

**છેલ્લા ૩૧ વર્ષથી આપણાં વિસ્તાર માટે અવિરત સેવા અને તેની સાથે સતત કાર્યરત સમર્પિત સેવાની ભેખધારી ટીમ ત્રિમૂર્તિ હોસ્પિટલ પરીવારના વિશાળ દર્દી દેવો અને તેમના મિત્રો-સ્નેહીઓ દ્વારા તેના સુચનો તથા લેખો 'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' મેગેજીનમાં આવકાર્ય છે. આ માટે સંપર્ક મો.૯૮૨૭૭ ૪૭૧૦૫ તથા ઇ-મેલ : trimurtihospitals@gmail.com દ્વારા મોકલવા વિનંતી.**

**આપણે શું મેળવ્યું તેનાથી જીંદગી બને છે. પરંતુ જીવન તો આપણે શું આપ્યું તેનાથી બને છે.**

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧ અંક : ૨ સપ્ટેમ્બર-૨૦૧૨

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. વિકાસ રાઠોડ

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશલોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**


**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.com,
E-mail : trimurtihospitals@gmail.com

**લીવર અને પીતાશયના રોગોને સારી રીતે સમજવા અને સારવાર માટેનો સહેલો ઉપાય એટલે**

# "ઇ.આર.સી.પી."



**ડૉ. પરાગ જી. પટેલ**
એમ.એસ.
લેપ્રોસ્કોપીક એન્ડ એન્ડોસ્કોપીક સર્જન



## ઇ.આર.સી.પી. એટલે એન્ડોસ્કોપીક રેટ્રોગ્રેડ કોલેન્જીઓ પેન્ક્રીઆટીકોગ્રામ

ઇ.આર.સી.પી. એ મોસ્ટ એડવાન્સ્ડ એન્ડોસ્કોપી છે. કે જેમાં આપણા રૂટીન એન્ડોસ્કોપને બદલે સાઇડ વ્યુઇંગ એન્ડોસ્કોપ આવે. જેથી પેશન્ટના પીતનલી અને સ્વાદુપીંડની નલીને તપાસ કરી શકાય.

આ ઉપરાંત લીવર, પિતાશયની પણ તપાસ થઇ શકે. આ એન્ડોસ્કોપીમાં એન્ડોસ્કોપ ઉપરાંત સી-આર્મ કે જે અત્યાંધુનીક એક્સ-રે મશીન આવે તેની જરૂર પડે છે.

**• ઇ.આર. સી.પી. ની જરૂર કયારે પડે ?**

- કમળાના નિદાન અને સારવારમાં, તેમાં એવા પ્રકારનો કમળો કે જે પીત નળી અથવા લીવરની નળીના બ્લોકથી થયો હોય.
- પીત નળીની પથરી કે જે પહેલા મોટા ઓપરેશનથી કાઢવી પડતી, તે ઇ.આર.સી.પી.થી કાઢી શકાય.
- પીત નળીના કેન્સર, સ્વાદુપિંડના કેન્સર, લીવરના કેન્સરનું નિદાન, બાયોપ્સી અને તેના કારણે થયેલા કમળની સારવાર માટે.
- સ્વાદુપિંડની પથરીના નિદાન અને સારવર માટે.
- વારંવાર થતા સ્વાદુપિંડના સોજા કે જેને ક્રોનીક પેન્ક્રીઆટાઇટસી કહેવાય. તેની સારવાર અને નિદાન માટે.

**• ઇ.આર.સી.પી. કેવી રીતે થાય ?**

ઇ.આર.સી.પી. એ નોર્મલ એન્ડોસ્કોપી ની જેમ મુખમાંથી દુરબીન ને નાના આંતરડા ના બીજા ભાગ સુધી લઇ જવાનું હોય. તેમાં કોઇ પ્રકારના ઘેન ની જરૂર પડતી નથી. આ તપાસમાં ૪૦ મીનીટથી ૭૦ મીનીટનો સમય લાગે છે.

**• ઇ.આર.સી.પી. માટે દર્દીએ શું તૈયારી કરવી પડે ?**

આ તપાસ માટે દર્દીને ૬ કલાક સુધી ખોરાક અને પાણી વિના (નીલ બાય માઉથ) રહેવાનું હોય છે. તપાસ પછી કોઇ કેસમાં ૧ થી ૨ દિવસ જેટલા સમયનું રોકાણ રહે છે.

તપાસ પછી દર્દીને તેના રોગ પ્રમાણે ખોરાક અથવા પ્રવાહી આપી શકાય.

**• ઇ.આર.સી.પી. ની તપાસ કઇ કઇ જગ્યાએ થાય છે ?**

ઇ.આર.સી.પી. એ ટીમ પ્રોસીઝર છે. જેના માટે સ્કીલફુલ કવોલીફાઇડ એન્ડોસ્કોપીસ્ટ અને આ પ્રોસીઝરમાં યોગ્ય રીતે ટ્રેનીંગ મેળવેલ આસીસ્ટન્ટ નર્સિંગ સ્ટાફની જરૂર પડે છે. પહેલા આ તપાસ સૌરાષ્ટ્રમાં રાજકોટમાં જ ઉપલબ્ધ હતી. હવે રાજકોટ ઉપરાંત ભાવનગરમાં પણ બે સેન્ટર છે. જુનાગઢ જીલ્લામાં પોરબંદર, અમરેલી, કોડીનાર, વેરાવળ, ધોરાજી, જેતપુરને સંલગ્ન વિસ્તારમાં ફકત **ત્રિમૂર્તિ એન્ડોસ્કોપી યુનિટ** માંજ આ પ્રોસીજર થાય છે.



**તમારે ઝડપથી આગળ નિકળવું હોય તો એકલા ચાલો, પરંતુ તમારે લાંબી મંજીલ પર જવું હોય તો સૌને લઇ ચાલો.**

(બેઝિક સપોર્ટ લાઇફ ચાલુ)

અવર જવર થાય અને છાતી હલે છે કે નહિં) જો શ્વાસના લેતા હોય તો તરતજ દર્દીની નાડી ચેક



કરવી ખાસ કરીને ગળાના સાઇડના ભાગમા Carotid Artery હોય તેના ધબકાર જોવા, કાંડાના ભાગમાં પણ જોઇ શકાય.

જો દર્દી શ્વાસ ના લેતું હોય કે નાડીના આવતી હોય તો તરતજ બેઝીક લાઇફ સપોર્ટ ચાલુ કરી દેવાય.

સૌથી પહેલા Cardiac Massage (હૃદયનું પમ્પીંગ) ચાલુ કરવાનું. તેના માટે દર્દીના છાતીના વચ્ચેના ભાગમાં થોડું નીચે બન્ને હાથ મુકી તમારા શરીરના વજનથી છાતી દબાવી અને છોડી દેવાની. ૫ સે.મી. જેટલી છાતી નીચે દબાવી જોઇએ તે મીનીટમાં ૧૦૦ વખત થાય તેમ કરવાનું.

દર્દીને શ્વાસ આપવા માટે આપણું મોઢું તેના મોઢામાં રાખી આપણા ઉચ્છાવસથી તેને શ્વાસ આપવાનો તેને Mouth to Mouth Breathing કહે છે. ૧૦ થી ૧૨ વખત કરવાનું.

જો બે વ્યકિત આ BLS જાણતા હોય તો એક Mouth to Mouth breathing અને બીજી વ્યકિત હૃદયનું પમ્પીંગ કરે.

જો તમે એક જ વ્યકિત દર્દી સાથે હોય તો સૌથી પહેલા હૃદયનું પમ્પીંગ ચાલુ કરી દેવાનું અને પમ્પીંગ ૩૦ વખત આપ્યાં પછી ૨ વખત Mouth to Mouth breathing આપવાનું. આમ ૩૦ વખત પમ્પીંગ અને ૨ વખત શ્વાસ આપવાનો.

આમ આ ઉપરનું બધું કરવાની સાથે આપણી ઈમરજન્સી સેવા ૧૦૮ ને ફોન તો કરી જ દેવાનો.

આ BLS તો દરેક માણસ જાણતા હોવા જોઇએ પણ આપણી કમનસીબી તે છે કે તબીબી સેવા સાથે જોડાયેલ અરે કેટલાક તો ડૉક્ટરો પણ આ ઈમરજન્સી CPR પુરતાં પ્રમાણમાં નથી જાણતા હોતા, એટલે આ હેતુને ધ્યાનમાં રાખી



અમારી હોસ્પિટલમાં અમે આ કોર્ષ ચાલું કરેલ છે. તેમાં ખાસ કરીને જનરલ પ્રેકટીશનર માટે અને કોઇ હોસ્પિટલમાં કામ કરતા સ્ટાફ માટે આ કોર્ષ ચાલુ કરેલ છે. તેમાં આ કોર્ષ માટેની બુક અને પ્રેકટીકલ મેનીકીન(પુતળા) પર કરાવવામાં આવશે. જો આઇ.સી.યુ. માં કોઇ તેવું દર્દી હોય તો તેમાં પણ

## આવો (બેઝીક સપોર્ટ લાઇફ) દ્વારા એક જીંદગી બચાવીએ.

- હૃદય રોગના હુમલાના કારણે શું કોઇનું હૃદય એકાએક બંધ પડી ગયું છે ?
- અચાનક કોઇ બેહોશ થઇ પડી ગયું છે ?
- શ્વાસ લેવામાં અચાનક તકલીફ થતાં શ્વાસ રૂંધાઇ ગયો છે ?



**આવા સંજોગોમાં બેઝીક સપોર્ટ લાઇફ અંગેની જાણકારી હોય તો એક જીંદગી તમારી મદદથી બચી શકે છે...**

બેઝીક સપોર્ટ લાઇફ એટલે હૃદયની ગતિ બંધ પડી હોય તેવા વ્યકિતને આપવામાં આવતી પ્રાથમિક સારવાર કે જે કોઇપણ સામાન્ય વ્યકિત શીખી અને અપનાવી શકે છે.

**ત્રિમૂર્તિ હોસ્પિટલ બેઝીક સપોર્ટ લાઇફના કલાસનું કોઇપણ ફી લીધા વગર આયોજન કરે છે.**

ત્રિમૂર્તિ હોસ્પિટલ દર મહીનાના બીજા રવિવારે બેઝીક સપોર્ટ લાઇફના માર્ગદર્શન કલાસનું આયોજન કરે છે.

**સમય : સવારે ૧૦ થી ૧૨, રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : મો.૯૭૨૭૭ ૪૭૧૦૩**

**સ્થળ : ત્રિમૂર્તિ હોસ્પિટલ, એસ. ટી. રોડ, જુનાગઢ**


સમજણપુર્વકની શાંતિ સમજણ વગરના શબ્દોથી વધારે સારી હોય છે.




**ડૉ. શૈલેશ એમ. જાદવ**
એમ.બી.ડી.એ.
એસ્થેટીસ્ટ એન્ડ ઇન્ટેન્સીવીસ્ટ




# બેઝિક લાઇફ સપોર્ટ

## (આવો એક માનવ જીંદગીને બચાવીએ)

આ જમાનો ઝડપી છે. અત્યારે ક્યારે કોઇને શું થાય, શું બિમારી આવી પડે કે અકસ્માત થાય તે નક્કી નથી કહી શકાતું. આ માટે આપણે ખુદ જવાબદાર છીએ વધારે પડતો આધુનીકતાનો ઉપયોગ, આપણો ખોરાક, વ્યસનો વગેરે આના માટે જવાબદાર છે.

અત્યારનાં જમાનામાં ક્યારે કોઇને હુમલો આવે, અકસ્માત થાય કે બીજી ગંભીર પરિસ્થિતી ઉભી થાય છે તે નક્કી નથી. એટલે આવી પરિસ્થિતીમાં મુળભુત સારવાર શું કરવી કે શું કરવું તે બધા માણસે જાણવું અને આવડતું હોવું જરૂરી છે. સામાન્ય તાવ આવ્યો કે શરદી થઇ તેના માટે તો તમે ઇન્ટરનેટ ખોલી દવા જોઇ શકો છો. પણ શ્વાસ બંધ પડી જાય, હૃદય બંધ પડી જાય તેવી ગંભીર બિમારીમાં ઘરેથી જ શું સારવાર ચાલુ કરી દેવી તે જોવાનો ઇન્ટરનેટમાં સમય નથી હોતો. કારણ કે તે ગંભીર પરિસ્થિતિમાં સમય ઘણો ઉપયોગી હોય છે. આપણા ગુજરાતમાં૧૦૮ એમ્બ્યુલન્સની સુવીધા તો છે પણ ગંભીર પરિસ્થિતિમાં પણ ૧૦૮ આવે ત્યાં સુધીમાં ઘણો સમય જતો રહે છે. તે સમયે માણસને બચાવવો તે ઘણું મહત્વનું હોય છે. જો આ સમયમાં થોડું પ્રાથમિક જ્ઞાન હોય તો માણસ બચી શકે છે.

આવા ગંભીર અક્સ્માતની `ક રોગની સ્થળ પર જ થોડી સારવાર ચાલુ કરી દેવામાં આવે તેને Basic Life Support (બેઝીક લાઇફ સપોર્ટ) કહે છે. આ બેઝીક લાઇફ સપોર્ટ દરેક નાગરીક જાણતો હોવો જોઇએ અને આવડતું હોવું જરૂરી છે.

આ બેઝીક લાઇફ સપોર્ટ એટલે શ્વાસ બંધ પડી જાય કે હૃદય બંધ પડી જાય તેવી ગંભીર પરિસ્થિતીમાં કોઇ પણ ઇન્ટ્રુમેન્ટનો ઉપયોગ કર્યા વગર જ સ્થળ પર મુળભુત સારવાર ચાલુ કરી દેવામાં આવે તેને BLS કહે છે. Basic life support ન CPR (Cardiopalmonary Reyscitation) કહે છે.

બીએલએસ માં ખાસ કરીને શ્વાસ અને હૃદય ચાલુ કરવાનું હોય છે. તેમાં પણ ખાસ કરીને હૃદયને વધારે મહત્વ આપવામાં આવે છે. કારણ કે હૃદયનું પંમ્પીંગ ચાલુ હોય તો જ મહત્વના અંગોને લોહી મળતુ રહે છે. ખાસ કરીને મગજ, કીડની અને લીવર.

જ્યારે કોઇ અકસ્માત થાય કે ગંભીર હુમલો આવે તો તરતજ દર્દીનું Observation કરવાનું હોય કે તેનાં શ્વાસ ચાલું છે કે નહી (નાક કે મોઢા આગળ હવાનું


અનુસંધાન પાના-૩ ઉપર



ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

Book-Post

To, ______________________________

______________________________


______________________________

______________________________

**If Undeliverable, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.com, E-mail : trimurtihospitals@gmail.com



**મહાત્મા ગાંધી ઈન્સ્ટીટયુટ**





**ફીમેલ હેલ્થ વર્કર**
(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ માન્ય)
**ડીપ્લોમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર**
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય)
**પ્રેક્ટીકલ નર્સિંગ**

મોટી હોસ્પિટલોમાં ઉચ્ચ પગારની રોજગારી
હેલ્થકેર ક્ષેત્રે વિશાળ તકો • નોકરીની વિપુલ તકો

**ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ**
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫